# બરછી

બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીગ,
રાજકોટ-૧.
Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

એપ્રિલ-૨૦૨૨
વર્ષ : જાન્યુઆરીથી ડિસેમ્બર
વર્ષ : ૫૮
વાર્ષિક લવાજમ : રૂા.૨૦૦

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫

## હાટકેશ્વરો વિજયતેત રામ



## જીવન સંગ્રામ...

નામ એનું હોઠ પર ધરવાનું છે,
એ કરાવે એટલું કરવાનું છે,

બસ,સમય આવ્યે સરવાનું છે,
ત્યાં સુધી હરવા ફરવાનું છે,

રંગ પીળો પાંદડે ધારણ કર્યો!
ઝાડ પરથી છેવટ ખરવાનું છે,

જિંદગીની વ્યાખ્યા આપું તને?
સાવ સામે પાણીએ તરવાનું છે,

એક મોતી આંખથી ટપકી રહ્યું,
સાચવો એને,સંઘરવાનું છે,

હારીએ તો હારવાનું ક્યાં કશું?
જીતીએ તો એમને વરવાનું છે,

કૃષ્ણ જેવો સારથિ જો સાંપડે!
ક્યાં કોઈ સંગ્રામથી ડરવાનું છે?!

—હિમલ પંડયા.

## પાટોત્સવ ઉજવણીની તસ્વીરી ઝલક





રાજકોટ પાટોત્સવ દાદાની શોભાયાત્રા–ફોટા સૌજન્ય શ્રી દુર્ગેશ વૈશ્નવ





સમૂહ ભોજન રાજકોટ –ફોટા સૌજન્ય શ્રી ઉપીન ઓઝા

---




જામનગર પાટોત્સવ–ફોટા સૌજન્ય શ્રી ચિરાગ બુચ





## કુ. દર્શી માંકડે એલએલ.એમ.ની પદવી મેળવી

અમદાવાદ સ્થિત સ્વ.ગૌરાંગ સુરેન્દ્રભાઇ માંકડ અને પૂજાબેનનાં પુત્રી કુ.દર્શી માંકડ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એલએલ.એમ.ની પરીક્ષામાં ત્રણ ગોલ્ડ મેડલ મેળવી ઉત્તીર્ણ થયાં. તેઓ હાલમાં અમદાવાદની જાણીતી સોલિસીટર ફર્મમાં એક્ઝિક્યુટીવ તરીકે કાર્યરત છે. અભિનંદન સહ ઉજ્જવળ ભાવિની શુભકામના.

## કુ. આંચલ વત્સરાજે ગોલ્ડ મેડલ મેળવ્યો



અમદાવાદ સ્થિત શ્રી હિરેન અને શ્રીમતી દીપલ વત્સરાજનાં પુત્રી કુ.આંચલ પંડીત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી,રાઈસન–ગાંધનગર દ્વારા લેવાયેલ 'બેચલર ઓફ કોમ્પ્યુટર ટેકનોલોજી–બી.ટેક.(આઇસીટી.)ની પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવી ઉત્તીર્ણ થયાં.જે બદલ તા.૧૧ એપ્રિલના રોજ યોજાયેલ સમારોહમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીના હસ્તે કુ.આંચલને 'ગોલ્ડમેડલ' એનાયત કરવામાં આવ્યો.કુટુંબ અને જ્ઞાતિને ગૌરવાન્વિત કરનાર કુ.આંચલને અભિનંદન–શુભેચ્છા.




## કુ. આર્ષવી બૂચ માઈકા સંસ્થા દ્વારા એવોર્ડથી સન્માનિત

અમદાવાદ સ્થિત શ્રી પદ્મીન બૂચ તથા શ્રીમતી નીતિ બૂચનાં પુત્રી કુ. આર્ષવી બૂચએ પ્રતિષ્ઠીત MICA Institute માંથી MBAની પદવી મેળવી છે. જેઓની તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી બદલ તાજેતરમાં માઈકા દ્વારા તેણીને Dean's Award for exemplary Conduct દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં. અભિનંદન–શુભેચ્છાઓ.

## પ્રેરક ઉદાહરણ :

સુરતના પલ્લવીબેન પ્રભાકરભાઈ ધોળકિયા આજે ૭૦ વર્ષની વયના છે..તેઓએ ૬૦ વર્ષની જૈફ વયે સુગમ સંગીતની તાલીમ મેળવીને સંગીતની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં વિશેષ યોગ્યતા સાથે ઉત્તીર્ણ થયાં હતાં અને શીખવાની કોઈ ઉંમર નથી હોતી..આ વાકયને સાર્થક કરી બતાવ્યું. તેઓ જ્ઞાતિની પ્રથમ મહિલા હશે જેઓએ ૬૦ વર્ષની જૈફ વયે આ સફળતા હાંસલ કરી હશે.પલ્લવીબેને વર્ષ ૧૯૬૮માં ઓલ્ડ એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરી હતી.આગળ અભ્યાસની ઈચ્છા હતી પરંતુ લગ્ન બાદ સામાજીક જવાબદારીઓમાં એવાં ખૂંપી ગયાં કે અભ્યાસ માટે વિચારવાનો સમય જ ન મળ્યો.સમય પસાર થતો ગયો અને દીકરીઓના માતા અને નાનીબા પણ બની ગયાં.તેઓને સંગીતનો વારસો પિતા તરફથી મળ્યો હતો.પરંતુ તે સમયે સંગીતના વર્ગો ન હોવાથી સંગીતની કોઈ ડીગ્રી ન હતી. સંગીતમાં રસ અને શોખ ખરો તેથી સ્પર્ધાઓમાં ભાગ લઈ કેટલાંક ઈનામો અને પ્રશસ્તિપત્રો પણ મેળવ્યાં હતાં. બાદમાં દીકરીઓ લગ્ન બાદ સાસરે ચાલી ગઈ અને સુરતમાં આ અંગેના અભ્યાસ વિશે જાણ્યું ત્યારે ફરી અભ્યાસની ઈચ્છા જાગૃત થઈ અને SCOPAમાં ૬૦ વર્ષની વયે સુગમ સંગીતની તાલીમ લીધી. આમ પોતાની ધગશ અને પતિદેવ પ્રભાકરભાઈના સાથને કારણે પોતાનો સંગીતના અભ્યાસનો અધુરો શોખ પૂરો કરી શક્યાં.

## આંતરરાષ્ટ્રીય એન્જી. સ્પર્ધામાં મનન અંજારીયા નેતૃત્વ કરશે



'બોશ ફયુચર મોબિલીટી ચેલેન્જ' એ આંતરરાષ્ટ્રીય એન્જીનિયરીંગ સ્પર્ધા છે,જેનું આયોજન જાણીતી બોશ કંપનીનું એન્જીનિયરીંગ સેન્ટર કલૂજ રોમાનિયા પ્રતિ વર્ષ કરે છે.સ્પર્ધા યુનિવર્સિટીના બેચરલ કે માસ્ટર ડીગ્રીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હોય છે.૨૦૨૨ની તાજેતરમાં યોજાયેલ સ્પર્ધામાં પ્રોજેક્ટનો વિષય હતો, 'ઓટોનોમસ ડ્રાઈવીંગ એન્ડ કનેકટીવીટી–નિયમો અને સિધ્ધાંતો'.

કંપનીએ આપેલા પ્રોજેકટ પર વિશ્વભરની ૭૪૦ જેટલી જુદી જુદી યુનિવર્સિટીની ટીમે મહિનાઓ સુધી પોતાની યુનિવર્સિટીના પ્રોફેસર તથા બોશ કંપનીના તજજ્ઞો સાથે કામ કરી પોતાના પ્રોજેક્ટ કંપનીને સબમીટ કર્યા.જેમાં ફાઈનલ સ્પર્ધા માટે વિશ્વભરમાંથી ૨૦ જેટલા પ્રોજેકટ અને તેની ટીમ પસંદગી પામી. આ ૨૦ ટીમમાં પૂરા ભારતમાંથી એક માત્ર ટીમની પસંદગી થઈ,અને તે અમદાવાદ યુનિવર્સિટીની એન્જીનીયરીંગ કોલેજની ટીમ. જેનું નેતૃત્વ મનન અંજારીયા કરી રહેલ છે.

મનન અને તેની ટીમના અન્ય ત્રણ સભ્યો ૧૧ મેના રોજ રોમાનિયા જવા ઉપડશે.છેલ્લા આઠ મહિનાથી આ ટીમ કોરાના સમયમાં પણ પોતાના પ્રોજેકટને પાર પાડવા સતત અને સખત મહેનત કરી પોતાના પ્રશ્વેદ અને પરિશ્રમનું પરિણામ મેળવ્યું.

શ્રી હસિત તથા શ્રીમતી રૂપા અંજારીયાના પુત્ર ચિ.મનન સ્વ.ભરતભાઈ તથા નીતાબેન અંજારીયા (વાપી)ના પૌત્ર અને શ્રી મહેશકાંત અને શ્રીમતી રૂચિરા વસાવડા(અમદાવાદ)ના દોહિત્ર છે.

અમે સૌ તેમની આ ગૌરવપ્રદ સિધ્ધિ માટે ચિ.મનનને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.મનન તમારી ટીમને આ સિધ્ધિ થકી આજના ઉગતા યુવાનોને એક સંદેશ મળ્યો છે કે "When something is important enough, you do it even if the odds are not in your favor." - Elon Musk.

**Wish you all the best from Vasavada & Anjaria Fmly to Manan Anjaria & Team.**

## લગ્ન વિષયક જાહેરાત :

(૧) ICWA,CIMA જ.૧૧/૧૯૮૭, ઉ.૫'.૧૧"વડોદરા ખાતે એબીબી લી.કંપનીમાં નોકરી કરતા યુવક (નિર્દોષ છૂટાછેડા થયેલ છે)ને યોગ્ય કન્યા. સંપર્ક :૯૮૨૮૨૯૨૨૨૩

(૨) બીબીએ,એમબીએ.જીપીએસસી.,જ.૧/૧૯૯૧,ઉ.૫.૫" પ્રા.લી.કંપનીમાં નોકરી ઓફીસર તરીકે કરતા યુવકને કન્યા.સંપર્ક : ૯૪૨૮૧૮૩૫૭૧

(૩) યુ.એસ.એ.ખાતે બી.એ.(કોમ્યુનિકેશન)એમ.એ.(એજ્યુ.)જ.૧/૧૯૯૩, ઉ.૫'.૧"ટેકસાસ (અમેરીકા) ખાતે સ્કૂલમાં ટીચર તરીકે નોકરી કરતી કન્યાને યુ.એસ.સ્થિત યોગ્ય યુવક.સંપર્ક : ૮૩૨–૪૯૯– ૩૬૫૯ (વ્હોટસએપ)

(૪) બી.ઈ.(આઈટી.)જ. ૯/૧૯૯૫,પીજીડી(ન્યુઝીલેન્ડ)ઉં.૧૬૭ સે.મી.અમદાવાદ ખાતે એલએલસી. કંપનીમાં સોફટવેર ડેવલોપર તરીકે નોકરી કરતા (સાદો મંગળ) યુવકને કન્યા.

## ઉત્કલ વૈષ્ણવ : એક સાચો 'વૈષ્ણવજન'



જૂનાગઢના સેવાભાવી સદ્‌ગૃહસ્થ સ્વ.ચિત્તરંજનભાઇ અને સ્વ.પ્રજ્ઞાબેન વૈશ્નવના અગ્રગણ્ય સંયુકત પરિવારના બીજા નંબરના પુત્રરત્ન ઉત્કલ વૈશ્નવનો તા.૧૬/૪/૨૨ના રોજ દેહવિલય થયો.કુટુંબે એક વ્યવહારૂ ને જવાબદાર મોભ ખોયો,પત્ની અને સંતાનોએ હૂંફાળા પતિ–પિતા ગુમાવ્યા,જેમણે જિંદગીમાં આવતા ઝંઝાવાતોનો સામનો કરી આગળ વધવાની તાલીમ આપી. સંસ્થાઓને પ્રામાણિક, નિષ્ઠાવાન કર્મચારીની, તો સમસ્ત જ્ઞાતિને અદના પણ ઊંચા કદના કાર્યકરની, ન પૂરી શકાય તેવી ખોટ પડી. અગણિત મિત્રોને જરૂર હોય ત્યાં હાજર રહેનાર દિલદાર દોસ્તની વિદાય ખાલીપો પેદા કરી ગઈ. તેમની સભર જિન્દગીના પાના ઊથલાવીએ :

પરિવારના વારસાગત સંસ્કારથી યુવાવયથી જ સેવાભાવી અને પરોપકારી વૃત્તિ ધરાવતા,ઉત્કલ વૈશ્નવ જૂનાગઢની જ્ઞાતિ સંસ્થાઓમાં કાર્યકરથી હોદેદાર રહયા હતા. એક સમયે માત્ર ૨૧ વર્ષની વયે હાટકેશ્વર સંસ્થાના ટ્રસ્ટી તરીકે વરણી પામ્યા હતા. ત્યારના સમયમાં પાટોત્સવ નાત સ્વૈચ્છિક અનુદાનથી યોજવા વડીલો સામે વિરોધમાં ઉતરી,વિશ્વાસ સંપાદન કરી, જ્ઞાતિનો અભૂતપુર્વ સાથ સહકાર મેળવી નાતનું સફળ આયોજન કરી બતાવ્યું અને તે પણ ચાર દાયકા પહેલાં રૂા.૬ હજારની પૂરાંત સાથે. આમ અટલ આત્મવિશ્વાસ અને નિઃસ્વાર્થ ભાવનાનો પરિચય કરાવ્યો હતો.

આવા ઉત્કલ વૈશ્નવ ૧૯૮૭માં આજથી પાંત્રીસ વર્ષ પહેલાં પોતાનું વતન જૂનાગઢ છોડી રાજકોટ આવ્યા.રાજકોટમાં જાગનાથ માર્બલ નામક ખાનગી પેઢીમાં તે સમયે બહુ ટૂંકા પગારની નોકરી સ્વીકારી. પત્ની કલ્પનાબેનના સંગાથે સહારા,પોસ્ટ ઓફીસ બચત યોજના, એલઆઇસી.વગેરેનું કામ કર્યુ, સાથે ઘેર ઘેર સંપર્ક કરી રસોઈના મસાલા, નાસ્તાનું વેચાણ પણ કર્યુ. પુત્રી,પુત્ર સાથે ચાર સવારીમાં ૨૨ કિ.મી. ની આવ–જા તો અનેકવાર કરે. ગામમાં ફરે.આમ તનતોડ મહેનત કરી. સંતાનોને શિક્ષણ સાથે સ્વાશ્રયની કેળવણી આપી. આ તેમના સંઘર્ષના સમયે ત્રણ દાયકા પહેલાં મારી સાથે નાતો જોડાયો. ત્યારથી શરૂ થયેલા મારી સાથેની મૈત્રીના સંબંધો ઘનિષ્ઠ થતા ગયા અને વર્ષોથી આજ પર્યંત પારિવારિક સભ્ય ને પરસ્પર સુખ દુઃખ સાથી બની રહયા. તેઓ અંગત તો અનેક રીતે ઉપયોગી થયા.તેમ બરછીને પણ જ્ઞાતિકાર્યનો ભાગ જાણી પ્રતિનિધિ તરીકે પોતે સેવા આપી અને દર મહિને સપરિવાર બરછીના સ્ટીકર ટીકીટ ચોડવામાં પણ મદદે આવી જાય. જૂનાગઢમાં તેમના વડીલ બંધુ દિવ્યાંગભાઇ તથા અન્ય જ્ઞાતિબંધુઓને પણ બરછીના પ્રતિનિધી તરીકે જોડયા.અમારી જેમ આવા અનેક જ્ઞાતિ–ઇતર જ્ઞાતિજનો સાથે નિરપેક્ષ સંબંધો બાંધી આજીવન નિભાવી પણ જાણ્યા.

થોડા સમય બાદ રાજકોટની એ.વી. જસાણી ટી.બી.હોસ્પિટલમાં વહીવટી વિભાગમાં નોકરી મળી. પૂરી નિષ્ઠા અને પ્રામાણિકતાથી નોકરી કરી. સ્ટોર્સ વિભાગની ખરીદી, અન્ય ગેરરીતિઓના,

કેટલાક કર્મચારીઓની કામચોરીના પર્દાફાશ દ્વારા ટ્રસ્ટીઓના માનીતા બની રહયા.થોડા સમય બાદ હોસ્પિટલ (જગ્યા) સ્વામીનારાયણ સંસ્થાએ હસ્તગત કરતાં સ્ટાફને છૂટા કરવાની કામગીરીની જવાબદારી ઉત્કલ વૈશ્નવના શીરે આવી.ટ્રસ્ટ અને સ્વામીનારાયણ સંસ્થાના મધ્યસ્થી બની રહયા જેમાં યુનિયન લીડરોની ધાકધમકીનો પણ સામી છાતીએ સામનો કરી, કર્મચારીઓને ભવિષ્ય અને હિત વિચારવા સમજાવી નાગરી મુત્સદીગીરીથી તેમાં પાર ઉતર્યા.હોસ્પિટલ બંધ થઈ, પરંતુ કસોટી બાકી હશે તે ૧૧ મહિના વગર પગારે છતાં કામ કર્યુ,જેથી તેમની ધીરજ,ખંત,કર્તવ્યનિષ્ઠા અને વફાદારી સ્વામીશ્રી ત્યાગવલ્લભજી પારખી ગયા અને સ્વામીનારાયણ સંસ્થાના પીઆરઓ અને લીગલ કોઓર્ડિનેટર તરીકે નિયુકત કર્યા. જિંદગીના અનેક ચડાવ–ઉતાર બાદ પ્રચંડ પુરૂષાર્થ અને સત્કર્મોના પરિપાકરૂપે સુખ–શાંતિનો પડાવ આવ્યો. સંસ્થા તરફથી ફુલફર્નિશ્ડ બંગલો,લેવા મૂકવા કારની સુવિધા,સ્વતંત્ર ચેમ્બર મળી. હવે શ્રી ઉત્કલ બેવડા જોરથી કાર્યરત થયા..માત્ર કાયદાની ડીગ્રી નહિ તેટલું જ, બાકી સંસ્થાના અસંખ્ય પેન્ડીંગ કેસોનો રાત દિવસ જોયા વગર અભ્યાસ કરે,જવાબ તૈયાર કરે,સ્વામીજી સાથે ચર્ચા વિચારણા કરે, હાઈકોર્ટ ના વકીલો સાથે પણ દલીલમાં ઉતરે,એક સમયે તો દરરોજ અમદાવાદ હાઈકોર્ટમાં જાય, તેમાં મોટી ફી વસુલવા મુદતો પાડતા વકીલો બદલી જ્ઞાતિભાવનાથી નાગર વકીલોને લાભ અપાવ્યો, અન્ય કામોમાં જ્ઞાતિના કે અન્ય પ્રમાણિકને કામ આપીને સંસ્થાના લાખો રૂપિયા બચાવ્યા. જર–જમીનનો મામલો, તેથી શામ દામ દંડ સામે બાથ ભીડી, પ્રલોભનોથી નિર્લિપ્ત રહી સંસ્થાના લાભ માટે સંસ્થાને જ વફાદાર રહયા અને નાના મોટા અનેક કેસ જીત્યા. જેમાં મુખ્યત્વે જસાણી હોસ્પિટલ અને આત્મીય કોલેજને યુનિવર્સિટીની મંજુરીના અટવાયેલા કેસ જીતી યશ મેળવ્યો પછી તો ઉત્કલભાઈ ત્યાગવલ્લભ સ્વામીના નીકટના વિશ્વાસુ સાથીદાર અને પ્રિયપાત્ર બની રહયા હતા, જો કે છતાં હંમેશા પોતાના સિદ્ધાંતોમાં બાંધછોડ નહિ કરવામાં અડગ રહયા.. ટીલા ટપકાં નહિ,પરિવાર માટે પણ કોઈ વિશેષ લાભ નહિ મેળવવાના તે તો ઠીક પરંતુ પોતાની કેન્સરની બિમારી દરમ્યાન ફરજ બજાવતા નહિ હોવાથી પોતે પગાર મેળવવા હકદાર નથી તેમ જણાવનાર આવા વિરલા તો જૂજ જોવા મળે!

તેમની પુત્રી ખુશાલીનો પાંચમો જન્મદિવસ રકતદાન કેમ્પના આયોજન દ્વારા ઉજવ્યો..જેમાં પણ ભેટ સોગાત ન સ્વીકારતાં તે ભેટ કે રોકડ રાજકોટના સંકલન ટ્રસ્ટને અપાવી મદદરૂપ થયા. તેમ દર વર્ષે ઉનાળા દરમ્યાન મકાન બાંધકામ,રસ્તાના ખોદકામ કરતા મજૂર વર્ગને ઠંડી છાશનું વિતરણ કરવાનો ક્રમ વર્ષો સુધી જાળવી રાખ્યો. અબોલ પ્રાણીઓ માટે દૂધ,બિસ્કીટ,ગાંઠિયા અને પક્ષીઓના ચણ માટે અનાજ માટે તો હજારો રૂપિયા ફાળવ્યા હશે.કરૂણા સભર માનવતાનાં આવાં અનેક સત્કાર્યોમાં કર્યાં, જેમાં સંતાનોને સાથે રાખી તેમનામાં પણ આ સંસ્કારનું સિંચન કર્યુ.

શાળા કોલેજના અભ્યાસ દરમ્યાન વકૃત્વ,લેખન,નાટ્ય સ્પર્ધાઓમાં ભાગ લેતા પિતાએ પુત્ર તુલનને પણ શાળા કોલેજની વકૃત્વ, નિબંધ સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરી સ્ક્રીપ્ટ તૈયાર કરવામાં, રજૂઆત કેમ કરવી તેની શીખ આપે અને તુલન પણ તેજસ્વી, વાંચનનો રસિયો તેથી ઘણી સ્પર્ધાઓમાં

વિજેતા થઈ ઘણા ઈનામો મેળવ્યાં.બાગાયતનનો શોખ ધરાવતા ઉત્કલે હોસ્પિટલની રહેણાક દરમ્યાન શાકભાજીનું વાવેતર કરી અમારા સહિત અનેક મિત્રો–શુભેચ્છકોને ૨૨ કિ.મી.નું અંતર કાપી ઘણીવાર પહોંચાડયું હશે.વિવિધ વાનગીઓ બનાવવાના,ખાવા ખવરાવવાના પણ શોખીન એવા જ!

હાટકેશ નરસૈયામાં પૂર્ણ શ્રદ્ધા તેથી તેના આશિષ, સદ્ગુરૂ કૃપા અને કર્મ દ્વારા ભકિતના અનેક સુફળ પણ મેળવ્યાં...પોતાનો ફલેટ ખરીદ્યો અને વાસ્તુપૂજન સાથે ષષ્ઠીપૂર્તિ ઉજવી જેમાં સૌને આમંત્રિત કર્યાં. સારાં સંતાનો મળ્યાં જેમાં પુત્રી ખુશાલીએ બી.કોમની ડીગ્રી મેળવ્યા બાદ સખત મહેનત અને પ્રબળ ઈચ્છાશક્તિથી પિતાના પ્રોત્સાહન અને પીઠબળથી પી.એચડી.,એમ.ફીલ.,ની પદવી મેળવી બાદમાં બેંકની દરેક પરીક્ષામાં સફળ થઈ હાલમાં બેંક ઓફ બરોડામાં ઉચ્ચ ઓફીસર તરીકે કાર્યરત છે. તો પુત્ર તુલન એમ.કોમ.ના અભ્યાસ સાથે નોકરી પણ કરી રહયા છે અને વૈશ્નવ પરિવારનો જ્ઞાતિ અને સમાજ સેવાનો વારસો પણ સંભાળ્યો છે.કોરોનાના કપરા સમયમાં કોરોના વોરિઅર તરીકે કોર્પોરેશન, પોલીસ વિભાગ માં અનન્ય સેવાઓ આપી અને પિતાના વારસાને ઉજાળ્યો.

ભક્ત શિરોમણિ નરસિંહ મહેતાની જેમ જ અનેક કૌટુંબિક, શારીરિક, આર્થિક કપરી કસોટીઓનો જિંદાદિલીથી સામનો કરનાર આવા સાચા અર્થમાં 'વૈષ્ણવજન'ને જ સંત–ગુરૂના કૃપાપાત્ર થવાનું સૌભાગ્ય સાંપડેને! શ્રી ત્યાગવલ્લભ સ્વામીજી ઉત્કલભાઇની કારકિર્દી દરમ્યાનના દરેક સુખ–દુ:ખના પ્રસંગે, કેન્સરની છેલ્લી માંદગીના ઉપચાર દરમ્યાન પણ પ્રેમ અને સંવેદના સાથે કુટુંબ પડખે રહયા અને અંતિમ સમયે આગલી રાત્રે પોતે હાજર રહયા અને બીજે દિવસે ચૈત્ર સુદ પૂનમ ને હનુમાન જયંતીના પાવન દિને કોઈ જ વેદના કે અજંપા વગર, મુખ પર પોતે કરેલા સત્કર્મોની પ્રસન્નતા અને સંતોષ સાથે ચિરનિદ્રામાં પોઢી ગયા,કહો કે જીવન સંગ્રામ જીતી ગયા અને મૃત્યુને મંગલ કરી ગયા.ૐ શાંતિ:

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાસુમન :




જૂનાગઢ : અનુપમાબેન અવિનાશભાઇ કિકાણી–પૂર્ણિમાબેન જનસુખરાય નાણાવટી,સૌ.પરાગિનીબેન કમલેશભાઇ ઝાલા, ઉલ્લાસભાઇ શ્રીનિવાસભાઇ બક્ષી,દેવાંગ(દેવલ)ભાલચંદ્રભાઈ બુચ,ઈન્દ્રબાળાબેન નાગેન્દ્રભાઈ મજમુદાર

વડોદરા : ડો.બિપીન ચંદ્ર કિકાણી, કુંજલતાબેન માંકડ,દિવાકરભાઇ શિવલાલભાઇ ધોળકિયા, શ્રીમતી ભાવનાબેન જ્યોતીન્દ્રભાઈ વૈશ્નવ,શ્રીમતી ઉષાબેન કિરણભાઈ બુચ.

અમદાવાદ : ગૌરાંગ ભાસ્કરરાય વૈદ્ય, સૌ. ઉર્મિલાબેન સત્યેન્દ્રભાઇ પટ્ટણી–૮૯ વર્ષ.

રાજકોટ : નરેશભાઇ નયનસુખલાલ વસાવડા,ગ.સ્વ.ઉષાબેન જીતેન્દ્રભાઇ વસાવડા,મીનાક્ષીબેન રજનીકાંતભાઈ નાણાવટી–૭૪ વર્ષ.ગં.સ્વ.શોભનાબેન ચંદુભાઈ બક્ષી

ગાંધીનગર : મયંકભાઇ ચંદ્રમૂર્તિ(મનુભાઈ)બક્ષી,સુરેન્દ્રભાઈ બક્ષી–૯૦ વર્ષ,

ભુજ : અતુલ કુમુદકાંત શુકલ–ભુજ

**ભાવનગરમાં એક અલભ્ય ખજાનો** :–શ્રીનિવાસભાઈ વૈશ્નવ,ભાવનગર.

એક સમયે રંગૂન ભારતનો હિસ્સો હતું અને સૌરાષ્ટ્ર–ગુજરાતના ઘણા પરિવારો ત્યાં જઈને વસ્યા હતા. આજથી લગભગ ૯૦ વર્ષ પહેલા ભાવનગરથી એક નાગર ગૃહસ્થ નોકરી કે વ્યવસાય અંગે રંગુન જઈને સ્થાયી થયા હતા.આગળ જતાં રંગૂનની ચેમ્બર ઓફ કોમર્સના સેક્રેટરી તરીકે પણ નિમાયા હતા.તેઓ ૧૯૩૪–૩૫ના અરસામાં ચેમ્બર ઓફ કોમર્સના કામ માટે લંડન ગયા હતા.તે દરમ્યાન ત્યાં મોટો ઉત્સવ ઉજવાયો,જે મોટે ભાગે ઈંગ્લેંડના રાજ પરિવારનો પ્રસંગ હતો.જેમાં દેશ વિદેશના મહેમાનો તથા અન્ય પ્રવાસીઓનો મોટો ધસારો થવાની અપેક્ષાએ વિવિધ ધંધાર્થીઓએ પોતાના ધંધાની વિશિષ્ટ આઇટેમ બનાવી બજારમાં મૂકી હતી.એક પ્રકાશન સંસ્થાએ શેસપિયરના તમામ સાહિત્યની ટચૂકડી આવૃત્તિ પ્રકાશિત કરીને બજારમાં મૂકી હતી.જે ઘણી નાની સાઈઝની હતી છતાં સહેલાઈથી વાંચી શકાય તેવા ટાઈપમાં હતી.નાગર ગૃહસ્થે કુતુહલ ખાતર આ નાની સાઈઝની ૪૦ બુકનો આખો સેટ ખરીદી લીધો.જેમાં નાટકો,સોનેટ,ગદ્ય સાહિત્ય હતું.

રંગૂન(બર્મા)ભારતથી અલગ થયું,એક પ્રજાસત્તાક બન્યું.તે સમયમાં ગૃહસ્થ ભાવનગર આવી ગયા, પણ તેણે શોખથી ખરીદેલો સાહિત્યનો સેટ એક સુંદર કલાત્મક પેટી બનાવીને સરસ રીતે ગોઠવી દીધો.તેઓએ આ પુસ્તકો વાંચવા માટે તો લીધાં જ ન હતાં.બાદમાં તે ગૃહસ્થ અવસાન પામ્યા.આજે તો ત્રણ પુત્રોમાંથી કોઈ હયાત નથી પરંતુ તેમના પૌત્રોએ આખો સેટ હજુ અકબંધ સાચવીને રાખ્યો છે.તપાસ કરતાં જાણવા મળ્યું કે આ નાની સાઈઝનો સેટ કોઈની પાસે પ્રાપ્ય નથી.અમે તેના પ્રકાશક,પ્રિન્ટરનો સંપર્ક કરવા પ્રયત્ન કર્યો પરંતુ આવું કોઈ છે નહિ તેવો જવાબ આવ્યો.અમે બધી જ માહિતી,ફોટોગ્રાફસ સાથે 'લીમ્કા બુક ઓફ રેકોર્ડઝ'માં મોકલી.દુનિયાભરમાં ૮–૧૦ મહિના સુધી તપાસ કરીને ઠરાવ્યું કે આ નાની સાઈઝની આવૃત્તિ અત્યારે કોઈ જગ્યાએ પ્રાપ્ય નથી અને આખરે ૨૦૧૧માં લીમ્કા બુક ઓફ રેકોર્ડઝમાં તેના સંગ્રાહકના નામ, ભાવનગરના સ્થાન સાથે તેને સ્થાન મળ્યું.આ સંગ્રહકર્તા એટલે મારા પરમ વડીલ મિત્ર સ્વ.શ્રી નિરંજન કે.દેસાઈ(નીરૂભાઈ).ભાવનગરની કે.સી.સી.તથા એસ.બી.એસ.ટીમના લેગસ્પીનર. ઉત્તમ ક્રિકેટર પણ તેનાથી વધારે ઉમદા ઈન્સાન.સજ્જન માણસ એટલે શું એમ કોઈ પૂછે તો તેની વ્યાખ્યા એટલે નીરૂભાઇ! ક્રિકેટના ખેલાડી ઉપરાંત ક્રિકેટ વિશેના કટાર લેખક પણ ખરા..ક્રિકેટના રેકોર્ડઝનું ગજબનું કલેકશન.જ્યારે કોમ્પ્યુટરનો યુગ નહોતો ત્યારે પણ બધી ટેસ્ટ સિરીઝનો સ્કોર, ભારતની તો શું ઈંગ્લેંડમાં રમાતી કાઉન્ટી ક્રિકેટ લીગ મેચનો સ્કોર પણ તેની પાસે ડાયરીમાં નોધાયેલ હોય. ક્રિકેટના અલભ્ય ફોટોગ્રાફના અમે ત્રણેક પ્રદર્શનો યોજ્યા હતાં જેને ખૂબ બહોળો પ્રતિસાદ સાંપડયો હતો. નીરૂભાઈ પાસે ક્રિકેટ ઉપરાંત ફૂટબોલના વર્લ્ડકપની બધી મેચના સ્કોર,જે તે ટીમના ડ્રેસના રંગ પ્રમાણે રંગીન પેનથી સ્વહસ્તે લખીને આલ્બમ તૈયાર કર્યું હતું.આવા સર્જનાત્મક શોખ ધરાવતા, જિંદાદિલ ઈન્સાન આજે અલ્પ સંખ્યક થતા જાય છે!

# બે વર્ષના વિરામ બાદ ઠેરઠેર દાદાના પાટોત્સવની ઉમંગભેર ઉજવણી

શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ,અમદાવાદની વર્ષ ૨૦૨૧માં રચાયેલ નવી કારોબારીના પ્રથમ આયોજનરૂપે સંસ્થા દ્વારા દાદાના પાટોત્સવ નિમિત્તે બે કાર્યક્રમો યોજાય ગયા..સૌપ્રથમ કાર્યક્રમ રૂપે તા.૧૫/૪ ના રોજ નવરંગપુરા સ્થિત પૂર્ણાનંદ આશ્રમના હોલ ખાતે ૭૦ જેટલા જ્ઞાતિજનોની હાજરીમાં શિવપૂજનનું આયોજન કરવામાં આવેલ.પૂજનના યજમાન પદે શ્રીમતી સંધ્યાબેન અને વિભાકરભાઇ ઘોડા,શ્રીમતી રક્ષાબેન અને નરેશભાઇ પોટા તથા શ્રીમતી પૂર્ણિમાબેન અને જગદીપભાઇ છાયા હતાં. શ્રીમતી શ્રીદેવીબેન છાયાએ પૂજનમાં આર્થિક યોગદાન આપ્યું હતું.જ્યારે તા.૧૭/૪ના રોજ સાંજે અમદાવાદના મધ્યભાગમાં આવેલ ભુદરપુરા સાંસ્કૃતિ હોલ ખાતે સમૂહભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં શહેરના દરેક વિસ્તારમાંથી ત્રણ વર્ષ પછી યોજાયેલ આ શુભ અવસરમાં સામેલ થવા આશરે ૧૧૦૦થી વધુ સંખ્યામાં હોંશભેર ઉમટી પડયા હતા. શરૂઆતમાં સૌએ વેલકમ ડ્રીંક બાદ રસ,પુરી, ઢોકળા,મીકસ ભજીયા સમેતની વિધવિધ વાનગીઓનો રસથાળ માણ્યો હતો.ઉલ્લેખનીય છે કે કેરીના રસનું સૌજન્ય જ્ઞાતિ યુવાન અંકીત હિમકરભાઇ જોશીપુરા તરફથી સાંપડયું હતું.આ રસ મંડળના ઉપપ્રમુખ ડો. વિભાકરભાઇ ઘોડાના માર્ગદર્શન હેઠળ તલાલાની કેસર કેરીના પલ્પમાંથી તૈયાર કરવામાં આવ્યો હતો.જે સમૂહભોજનમાં કલગી સમાન બની રહેલ.આ આયોજન સાથે જ્ઞાતિના વ્યાવસાયિક ભાઈઓ બહેનો દ્વારા હસ્તકલા,હર્બલ બ્યુટી ટ્રીટમેન્ટ,અથાણા,લેડિઝ ગારમેન્ટ વગેરેના ૧૦ ટેબલ દ્વારા પોતાની પ્રોડકટનું ડીસપ્લે અને વેચાણ કર્યું હતું.તો એક જ્ઞાતિજન દ્વારા વેલે પાર્કિંગનું સૌજન્ય સાંપડયું હતું. ટ્રસ્ટીઓ, કારોબારી સમિતિના દરેક સભ્યો ઉપરાંત અન્ય સહકાર્યકરોનાની જહેમતથી બંને કાર્યક્રમ સફળ બની રહયા હતા.

રાજકોટના બેડીનાકા સ્થિત પુરાણા હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે તા.૧૫/૪ના રોજ સવારે ૧૦થી ૧૨ જ્ઞાતિગોર શ્રી ભરતભાઈ આચાર્યના આચાર્ય પદે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. સારી સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ લીધો.જ્યારે ૧૫/૪ના રોજ સાંજે ૬ વાગ્યે પંચનાથ મંદિર ખાતેથી પરંપરાથી નીકળતી દાદાની રવાડી–શોભાયાત્રાનું આયોજન થયું હતું.જ્ઞાતિગોર શ્રી ભરતભાઈ આચાર્ય દ્વારા પૂજન અર્ચન,ઠંડા પીણાના



સ્વાગત બાદ ૬ વાગ્યે રવાડીના પ્રસ્થાન થયા બાદ જ્યુબીલી,પરાબજાર, સોનીબજાર થઈ હાટકેશ્વર પહોંચી હતી.બે વર્ષ બાદ યોજાતી આ શોભાયાત્રામાં ૨૫૦ જેવી સંખ્યામાં આબાલ વૃધ્ધ જ્ઞાતિબંધુઓ ઉત્સાહભેર સામેલ થયા હતાં. બંધુઓ દ્વારા દાદાના જયઘોષ અને બેન્ડવાજાની સૂરાવલિ સાથે નીકળેલ રવાડીનું રસ્તામાં ઠેરઠેર ઇતર જ્ઞાતિજનોએ સ્વાગત કરી દર્શન કર્યાં હતાં.વર્ષોથી દાદા અને જ્ઞાતિ પ્રત્યેના સદ્ભાવથી છીકણીવાળા તરફથી ખસખસના શરબતથી સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રવાડી મંદિર પહોંચતાં બહેનો ગરબે ઘૂમ્યા હતાં. મહાઆરતીનો લાભ લઈ પ્રસાદ સાથે સૌ વિખરાયા હતા.

શ્રી અનંતજી વડનગરા નાગર બોર્ડિંગના વિશાળ પટાંગણમાં શ્રી હાટકેશ્વર પાટોત્સવ સમિતિ તથા શ્રી અ.વ.ના.બોર્ડિંગ ટ્રસ્ટના નેજા હેઠળ રાત્રે ૮ વાગ્યે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશેષ નોંધપાત્ર બાબત એ હતી કે આ વર્ષના પાટોત્સવ સમૂહ ભોજનના દાતા સ્વ.શ્રી હર્ષકાન્તભાઈ તથા પ્રવીણાબેન હાથી હતા.જેઓએ સંપૂર્ણ ખર્ચ ભોગવી જ્ઞાતિભાવનાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરૂં પાડયું.વંદન ઘટે. આ કારણથી આ વર્ષે ખરા અર્થમાં મહાપ્રસાદ કહી શકાય તેવા ભોજમાં બાળ વયથી ૮૫ વર્ષના વડીલો સુધીના આશરે ૧૩૦૦ બંધુઓ સામેલ થયા હતા.સૌએ સ્વાદિષ્ટ રસ, પુરી, રોટલી,કટલેસ,બટેટાનું શાક,કઠોળ,કઢી,પુલાવનો આસ્વાદ માણવાની સાથે બે વર્ષના 'બ્રેકઅપ' બાદ મોટી સંખ્યામાં પ્રત્યક્ષ મળવા હળવાનો આનંદ માણ્યો હતો. ભોજનમાં વડીલો માટે ખુરશી ટેબલ અને પીરસવાની વ્યવસ્થા રાખવામાં આવી હતી.પાર્કિંગની વ્યવસ્થા બોર્ડિંગ સામે આવેલ વિરાણી હાઈસ્કૂલમાં કરવામાં આવી હતી.

શ્રી જે.ટી.બક્ષીની રાહબરી હેઠળ સમિતિના સભ્યો અને નામી અનામી અનેક કાર્યકર ભાઇઓ–બહેનોએ સમસ્ત આયોજન વ્યવસ્થામાં સ્વયંભૂ પોતાની સેવાઓ આપી આયોજન સફળ બનાવ્યું હતું.

જામનગર ખાતે વડનગરા નાગર જ્ઞાતિ દ્વારા તા.૧૫/૪ના રોજ દાદાના પાટોત્સવ તથા નવિનીકૃત સંકુલનો લોકાર્પણ સમારંભ યોજાય ગયો.સવારે હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે રાયજીભાઈ વોરા સંકુલ લોકાર્પણ નિમિત્તે ચંડીપાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે લઘુરૂદ્ર અને પરંપરાગત રવાડી, મહાઆરતી, મહાપ્રસાદ



તેમજ દાતાઓના સત્કાર જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. રવાડીમાં બાળકો વિવિધ વેશભૂષામાં, ભાઈઓ સાફા અબોટીયા,જભ્ભામાં અને સારી સંખ્યામાં બહેનો સાડી સેલામાં સામેલ થયા હતાં.ઘોડા સાથેની બગી, બેન્ડવાજા અને દાદાના જયઘોષ સાથે નીકળેલ રવાડીનું ઠેરઠેર સ્વાગત પૂજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ સફળ બનાવવામાં સંસ્થાના પ્રમુખ શ્રી અમિત ઓઝા,ઉપપ્રમુખ ભોલાનાથ રીડાણી,સંકુલ નવિનીકરણ ચેરમેન અશોક બુચ,મંત્રી ભાવિક ધોળકિયાએ જહેમત ઉઠાવી હતી. આ તકે ડીજીટલ યુગમાં એક ડગલું આગળ ચાલી દેશ વિદેશના જ્ઞાતિજનોના લાભાર્થે ઓનલાઈન થાળ બુકીગ માટે વ્યવસ્થા કરવામાં આવી છે.જે માટેનો સોફટવેર જ્ઞાતિના આઇટી.એકસપર્ટ શ્રી રાજીવ વૈશ્નવનાં પુત્રી કુ.યેશા વૈશ્નવ દ્વારા તૈયાર કરવામાં આવ્યો. જે https:www.jamnagar.org/ thal/ user/register લિંક કલીક કરવાથી જોઈ શકશો.

ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન,સીડની,બ્રિસબેન,પર્થ અને એડીલેઇડ જેવાં મુખ્ય શહેરોના નાગરોએ મોટી સંખ્યામાં એકત્રિત થઈ હર્ષોલ્લાસભેર હાટકેશ જયંતીની ઉજવણી કરી.હાટકેશ દાદાની પૂજા આરતી બાદ જ્ઞાતિ પરંપરા જાળવી સાંસ્કૃતિક કાર્યક્રમને અંતે સૌએ સમૂહ ભોજન પ્રસાદનો આનંદ માણ્યો હતો.વર્ષ ૨૦૨૩ના ઇસ્ટર વિકેન્ડમાં સમગ્ર ઓસ્ટ્રેલિયામાં વસતા જ્ઞાતિબંધુઓએ સાથે મળીને પાટોત્સવ ઉજવવાનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું.–અહેવાલ : દીપક મંકોડી–ઓસ્ટ્રેલિયા.

## -::- સમાચાર સંચય -::-

- રાજકોટ : અત્રેના શ્રીરામકૃષ્ણ આશ્રમ દ્વારા તા.૧૪/૫/૨૨ ને શનિવારના રોજ સવારે ૯ થી ૧૨ થેલેસેમિયા પીડિત બાળકો તથા જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.આ રકતદાન શિબિરનું આયોજન, શ્રીરામકૃષ્ણ ભાવધારા સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલા અને સમર્પિત શ્રી ગીરીશભાઈ મારૂના સ્વર્ગસ્થ પુત્ર શ્રી ઉર્મિલભાઈની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે કરવામાં આવેલ છે. જ્ઞાતિજનોને માનવતાના આ સત્કાર્યમાં બહોળા પ્રમાણમાં જોડાઈને રકતદાન કરવા અપીલ છે. રકતદાન શિબિરનું સ્થળ : શ્રી ગીરીશભાઈ મારૂ,ગંગા એપાર્ટમેન્ટ,૧ જાગનાથ પ્લોટ,રાજકોટ.મો. નં. ૯૪૨૬૨૨૫૧૦૩/૯૮૨૫૨૧૬૯૫૩
- શ્રી કચ્છ નાગર પરિવાર દ્વારા કોરાના કાળના લાંબા સમયના વિરામ બાદ તા.૧૩/૩/૨૨ના રવિવારના રોજ નાગર બોર્ડિંગ ખાતે સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સારી સંખ્યામાં પરિવારજનોએ હોંશભેર ભાગ લીધો. દ્યુતિ અંજારિયા તથા તનય અંતાણી,જવારા માંકડ,જીવેષ હાથી,દેવર્ષિ ધોળકિયા દ્વારા મંત્ર શ્લોક તથા પ્રાર્થના રજૂ કર્યા બાદ સંસ્થાના પ્રમુખ શ્રીમતી શર્મિષ્ઠાબેન વોરા દ્વારા સ્વાગત પ્રવચન આપ્યા બાદ શ્રી નૈષધભાઇ ધોળકિયાએ સદગત દિવંગતોને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.મુખ્ય મહેમાન શ્રી મકરંદભાઈ વોરા,મનહરભાઇ વૈશ્નવ,જે.ટી.બક્ષી તથા ઓજસભાઇ માંકડે પ્રાસંગિક સંબોધન કર્યુ હતું.બેઠા ગરબામાં 'સખી વૃંદ'વિજેતા થતાં બહેનોને સન્માનિત કરાયા બાદ અંતમાં શ્રીમતી પલ્લવીબેન અંજારીયાએ આભાર દર્શન કર્યુ હતું.પાંઉભાજી સાથે ગુલાબજાંબુને ન્યાય આપી સૌ છૂટા પડયા હતા.
- મહાશિવરાત્રી પર્વ નિમિત્તે નાગર બોર્ડિંગ ખાતે યોજાયેલ સમૂહ ગીત સ્પર્ધામાં કચ્છ નાગર પરિવાર સખી વૃંદે પ્રથમ સ્થાન મેળવ્યું હતુ.જેમાં ગાયક કલાકારો હતાં...શ્રીમતી સિદ્ધિબેન વોરા,ધ્રુવાબેન અંજારીયા, દીપાબેન બુચ,ધૈર્યાબેન ઓઝા,ઉષ્માબેન વોરા,અલ્કાબેન અંજારીયા, જિજ્ઞાસાબેન વોરા.
- અ.ભા.નાગર પરિષદના ઉપક્રમે ગત માસમાં મહિલા દિન નિમિત્તે નાગર બોર્ડિંગ ખાતે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં શ્રીમતી રક્ષા પોટાએ સ્વરચિત હાઈકૂ તથા સંતુરંગીલીનું મોનો એકટીંગ (વાચિકમ્) રજૂ કર્યા હતાં.
- અત્રેનાં પારૂલ દેસાઈને સુરતના શ્રી મેગેઝિન દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિન અંતર્ગત 'નારી તું નારાયણી ૨૦૨૨'ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યાં.
- અત્રેના બેડીનાકા સ્થિત શ્રી હાટકેશ્વર મહાદેવ સંસ્થાના ટ્રસ્ટી તરીકે શ્રી દુર્ગેશ ઘનશ્યામભાઇ વૈશ્નવ તથા શ્રી જયેશ અશ્વિનભાઈ વસાવડાની વરણી કરવામાં આવી.
- જામઅંભાળિયા : પરમાર્થના સત્કાર્યમાં હંમેશા અગ્ર રહેનાર દાતા અત્રેનાં રોહિણીબેન ઓઝાએ, સંગીતના અભ્યાસુ સંગીત વિશારદ એવાં તેમના મોટાં બેન સ્વ.નલિનીબેનના સ્મરણાર્થે ખંભાળીયાની જાણીતી સંસ્થા 'સંગીત સુરાવલિ'ને તાજેતરમાં રૂા.૧,૫૧,૦૦૦/—જેવી માતબર રકમનું અનુદાન આપી નલિનીબેનની સ્મૃતિને ચિરંજીવ રાખી, મોટા બહેનનું ઋણતર્પણ પણ કર્યુ.વંદન ઘટે.
- અમદાવાદ : રાજકોટના સદ્ગૃહસ્થ અને બેંક ઓફ ઇન્ડિયાના નિવૃત્ત અધિકારી સ્વ.શ્રી શશિકાંતભાઈ ધોળકિયાની જન્મ શતાબ્દી નિમિત્તે તેમના અમદાવાદ ખાતેના નિવાસસ્થાને તા.૧૪/૧૧/૨૧ના રોજ લઘુરૂદ્રનું

આયોજન કરવામાં આવ્યું હતું.કોરોનાને કારણે મર્યાદિત સંખ્યામાં આમંત્રિતોની પ્રત્યક્ષ હાજરીમાં સ્વ.મુ. શશિકાંતભાઈ અને સ્વ.માતુશ્રી ગુણીબેનની ચોથી પેઢી સુધીના સંતાનોએ આ રુદ્રકાર્ય શરૂ કર્યું. દૂર અને વિદેશ વસતા સ્નેહીજનો વીડિયો  કોલીંગથી પરોક્ષ રીતે સહભાગી થયા હતા.સૌ પ્રથમ ગણેશ સ્થાપન બાદ પાંચ પુરોહિતો દ્વારા મહાદેવના મંત્રોચ્ચાર સાથે શાસ્ત્રોકત વિધિપૂર્વક લઘુરૂદ્ર સાથે ૧૦૮ મહામૃત્યુંજય મંત્ર સાથે શિવલીગ પર અભિષેક કરવામાં આવ્યો. અંતમાં શિવમહિમ્ન સ્તોત્ર પઠન,નૈવેદ્ય આરતી બાદ સ્વર્ગસ્થ વડીલોના આશીર્વાદ મેળવી આ ધર્મકાર્ય સંપન્ન કર્યું.

## પ્રભુતામાં પગલાં :

- રાજકોટ નિવાસી શ્રીમતી કલ્પનાબેન તથા શ્રી નરેશભાઈ નીતિરાય બુચનાં પુત્રી કૃણાલીનાં શુભ લગ્ન જામનગરના શ્રીમતી કલ્યાણીબેન તથા શ્રી રાજેન્દ્રભાઈ રમાકાંતભાઈ અંતાણીના પુત્ર રથિન સાથે.

---

- હૈદ્રાબાદ પાટોત્સવ : અત્રેના નાગર મંડળના ઉપક્રમે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. બે વર્ષના વિરામ બાદ તા.૧૭/૪ રવિવારના રોજ અત્રેના બાવન જ્ઞાતિજનોએ સાથે મળી પાટોત્સવની ઉજવણી કરી.જ્ઞાતિ




બહેનોએ રંગોળી સુશોભન કર્યું.તો પરિવારના બાળકોએ પ્રાર્થનાગાન કરી દીપ પ્રગટાવી પાટોત્સવનું મંગલાચરણ કર્યું. મહિલાવૃંદે મધુર કંઠે દાદાની સ્તુતિ અને પ્રાર્થનાથી વાતાવરણ ભક્તિમય બનાવ્યું હતું.ખંજન અંતાણીએ વેલકમ સ્પીચમાં વૃદ્ધ– 'વૃદ્ધિ પામે તે વૃદ્ધ'–શબ્દ ઉપર વડીલોનું મૂલ્ય સમજાવતું વકતવ્ય આપી વાતાવરણ ભાવવહી બનાવ્યુ. બાદમાં આ તકે ૭૫ વર્ષથી વધુ વયના જ્ઞાતિ વડીલોમાં મુ.શ્રી વિરેનભાઈ વૈશ્નવ, સરોજબેન વૈશ્નવ, નયનાબેન મંકોડી,વત્સલાબેન સ્વાદિયા, સાધનાબેન સ્વાદિયા, રોહિણીબેન બુચ તથા મુકુલભાઈ છાયાનું પરિવારના બાળકો દ્વારા પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું.જેના પ્રતિભાવમાં શ્રી વિરેનભાઈ વૈશ્નવ તથા નયનાબેન મંકોડીએ સૌ વતી આભાર વ્યક્ત કરી,જીવનના અનુભવો રજૂ કરી નવી પેઢીને પ્રેરણા પૂરી પાડી હતી.શ્રીમતી ધરા ઝંકૃત મહેતા તથા શ્રીમતી પલ્લીકા નીરવ છાયાએ નાના મોટા સૌ માટેની સમૂહ રમત રમાડી સૌને આનંદિત કર્યા હતાં.છેલ્લે સમૂહ ભોજનને ન્યાય આપી સૌ છૂટા પડયા હતા.

આયોજનને સફળ બનાવવામાં શ્રી ખંજન ચંદ્રકુમાર અંતાણી,શ્રીમતી ચિનાર ખંજન અંતાણી,શ્રી આશુતોષ મારૂ તથા શ્રીમતી ચૈતાલી મારૂએ જહેમત ઉઠાવી હતી. –અહેવાલ : ખંજન અંતાણી

- (સાદર નોંધ લઈએ કે સંતાનોમાં જ્ઞાતિભાવના આવે તે સ્વાભાવિક છે કારણકે એક સમયે તેઓના પિતાશ્રી ચંદ્રકુમારભાઈ અંતાણી કચ્છ નાગર મંડળના મોભી, વિશુદ્ધ જ્ઞાતિભાવના ધરાવતા સદ્‌ગૃહસ્થ  હતા.તેઓનું નિવાસસ્થાન જ્ઞાતિ પ્રવૃત્તિઓ માટે ખુલ્લું રહેતું હતું. માત્ર ટપાલ અને ટેલીફોનના સમયમાં બરછીને સારા માઠા, સંસ્થા સમાચારો લખી મોકલવા સાથે સારી સંખ્યામાં ગ્રાહકો નોંધી અમદાવાદ ખાતેના પ્રતિનિધિ તરીકે તેઓની બહુમૂલ્ય સેવાઓ મળી હતી.)

**સ્વમાન અને અભિમાન** –ડો.ઉન્નતી પ્રકાશ પંડયા,મુંબઈ. મો.૯૯૬૯૧૯૬૧૮૯

'આત્મસન્માન'ને સ્વમાન કહેવાય છે.માણસે સ્વમાન જાળવવું પણ અભિમાન ન કરવું જોઈએ. સ્વમાન અને અભિમાન વચ્ચેની ભેદરેખા પાતળી છે.એકમાંથી બીજામાં સરી પડતાં વાર નથી લાગતી. સ્વમાનને નામે પોતાના અભિમાનને લોકો પોસતા હોય છે.

ભતૃહરિએ એક શ્લોકમાં કહયું છે કે,'કૂતરાને રોટલાનો ટૂકડો નાખવામાં તો કૂતરો પૂંછડી પટપટાવે છે,જ્યારે હાથીને મહાવત કેટલાય લાડ લડાવે ત્યારે મહામુશીબતે ઉપકાર કરતો હોય તેમ કોળિયો લે છે.'
ભતૃહરિએ બીજા એક શ્લોકમાં ચાતકને શીખામણ આપી છે.ચાતક મો ફાડીને આતુરતાથી વરસાદના જળબિંદુની રાહ જુએ છે.તેને કહયું છે કે હે ચાતક! આકાશમાં ઘણા વાદળ હોય છે.કેટલાક માત્ર ગડગડાટ જ કરે છે,જ્યારે કેટલાક વરસીને ધરતીને ભીજવે છે.બધા સરખા નથી હોતા.માટે માણસે પણ જે કોઈ મળે તેની પાસે પોતાના દુઃખના રોદણાં ન રોવાં.દીનતા ન બતાવવી.યોગ્ય વ્યકિત હોય તેને જ પોતાનું દુઃખ કહેવું.કારણ કે જેની ને તેની આગળ રોદણાં રડવાથી એક તો હાસ્યાસ્પદ થવાય છે અને તમારી વ્યથા કે દર્દભરી કહાની સાંભળીને મદદરૂપ થવાની ભાવના બહુ ઓછામાં હોય છે.ત્રીજું લોકોને પોતાના જ પ્રશ્ન જ એટલા બધા હોય છે કે બીજાના જીવનમાં ચંચુપાત કરવાનો સમય જ નથી હોતો.લોકો તમારી વ્યથા કથા સાંભળીને તમને બિચારા કહી જાય તે તમારા જેવી સ્વમાની વ્યકિતને ગમશે?

સ્વમાનમાં મોટાઈ છે..સ્વમાની વ્યકિત આત્મશ્લાઘા કે પરનિંદા કરતી નથી.તે હંમેશા સ્વસ્થ રહે છે. જેમના વર્તનમાં સ્વાભાવિકતા હોય છે તેમની સહનશકિત અસીમ હોય છે.આ વ્યકિત કોઈનો અનાદર કરતી નથી.તે નાનામાં નાની વ્યકિત સાથે પણ આદરપૂર્વક વર્તે છે.સ્વાવલંબી જીવન જીવતા ગરીબ હોય કે અમીર તે સ્વમાની હોય છે.બાપની મહેનત પર થયેલા પૈસાવાળાઓ મોટેભાગે અભિમાની હોય છે. સ્વમાનમાં સંતોષ છે.સ્વમાન આંતર જાગૃતિથી પેદા થાય છે.તે સ્વમાની શાંત સ્વભાવનો હોય છે.જીવનના ઉત્કર્ષ માટે સ્વમાન જરૂરી છે.

આવ નહિ આદર નહિ,નહિ નયનમાં નેહ
તુલસી ઉસ ઘર મત જાઓ,ભલે કંચન વરસે મેહ.




મોટી મહેલાતો હોય પણ અતિથિને આવ ભગત ન થતા હોય ત્યાં ન જવાય,અભિમાનીને ઘેર ન જવાય.હસ્તિનાપુરમાં ગયા ત્યારે કૃષ્ણે અભિમાની દુર્યોધનના મેવા મિષ્ટાન ત્યાગીને નમ્ર વિદુરજીની ભાજી આરોગી હતી.અહંથી ઈશ્વર દૂર રહે છે.તમારો વિકાસ રૂંધાય જાય છે.માટે જ સંતો કહે છે–
'સબસે' હિલમિલ ચાલીએ નદીનાવ 'સંજોગ'.
સ્વમાન એક મહામુલો સદ્ગુણ છે.તેમાં મોટાઈનું પ્રદર્શન નથી.આ પ્રકૃતિગત ગુણ છે.શાસ્ત્રમાં નવનિધિ કહયા છે,તે બધાથી મોટો વિવેક નામનો દસમો નિધિ સ્વમાની માણસને સહજ સુલભ છે.

બીજાના કરતાં કંઈક ચડિયાતા હોવાની લાગણી એટલે અભિમાન તે નવ પ્રકારનું છે.

(૧) શારીરિક અભિમાન : પોતાનામાં બહુ જ દૈહિક બળ હોવાનું અભિમાન.

(૨) બૌદ્ધિક અભિમાન : અતિ વિદ્વાન હોવાનું અભિમાન

(૩) નૈતિક અભિમાન : પોતાનામાં મહાન ગુણો છે એવું અભિમાન.

(૪) માનસિક અભિમાન : સિદ્ધિ અથવા માનસિક પ્રબળ શકિત હોવાનું અભિમાન.

(૫) આધ્યાત્મિક અભિમાન (૬) ઊંચા કુટુંબમાં જન્મવાનું અભિમાન

(૭) શક્તિ ધન અને માલમિલ્કત હોવાનું અભિમાન

(૮) સુંદર અથવા દેખાવડા હોવાનું અભિમાન (૯) રાજમદ સત્તાનું અભિમાન.

આ સર્વ પ્રકારના અભિમાનનું 'વિવેક' વડે આપણે નાશ કરવો જોઈએ.દર્પ અથવા મિથ્યાભિમાન એ અભિમાનનું અતિરેક ભરેલું રૂપ છે.પોતે જે ના હોય તેવા હોવાનો ઢોંગ કરવો એટલે દંભ.

અભિમાની માણસ મિજાજી,ઉધ્ધત અને લઘુતાગ્રંથીથી પીડાતો હોય છે.અભિમાની વ્યકિત ધન, સત્તા,કીર્તિયુક્ત મહાનુભાવોનો જ આદર કરે છે.નાના અને ગરીબ માણસોનો તે તિરસ્કાર કરે છે.આવો માણસ તોછડો અસભ્ય અને પરનિંદા કરનારો હોય છે.તે ચોવસ કલાક અસ્વસ્થ રહે છે.તેના વર્તનમાં કૃત્રીમતા,અસ્વાભાવિકતા અને ક્રોધ વર્તાય છે.તે બહુ જલ્દી બીજાનું અપમાન કરી તમારા મર્મસ્થાનને વીંધી નાખે છે.આવા અભિમાની માણસને સફળતા મળતી નથી.તે લોકપ્રિય બનતો નથી.રામ સ્વમાની હતા.રાવણ અભિમાની હતો.રાજા રાવણનું અભિમાન રહયું?તેની સોનાની લંકા બળી ગઈ.સમગ્ર રાક્ષસકુળનો સંહાર થયો.સ્વમાની રામનો સપત્નીક અયોધ્યાના રાજસિંહાસન પર અભિષેક થયો.પાંડવો સ્વમાની હતા.કૌરવો અભિમાની હતા.તેથી તો દુર્યોધન સહિત બધા કૌરવકુળનો વિનાશ થયો.સ્વર્ગારોહણ કરતા પાંચ પાંડવોમાંથી ભીમને તેના બાહુબળનું,અર્જુનને તેની ધર્નુવિદ્યાનું,નકુળને તેના રૂપનું ને સહદેવને તેના ત્રિકાળ જ્ઞાનનું અભિમાન હતું.આ અભિમાનને કારણે આ ચાર પાંડવો રસ્તામાં પડી ગયા.નિરાભિમાની યુધિષ્ઠિર કૂતરા–ધર્મ સાથે સદેહે સ્વર્ગમાં પહોંચી ગયા.અભિમાની દક્ષે મહાદેવનું અપમાન કરવા જ યજ્ઞ આરંભ્યો.શિવજી એક તો બા દેવોમાં મહાન –મહાદેવ તેથી આદરને પાત્ર,બીજું દક્ષજીના જમાઈરાજ.આ બંને પદોથી તે આમંત્રણના પહેલા અધિકારી હતા.દક્ષે અભિમાનમાં આવીને શિવજીને આમંત્રણ ન આપ્યું.ને યજ્ઞનો ધ્વંશ થયો.આમ અભિમાની માણસનો વિનાશ પડતી નકકી જ છે,તેમાં બે મત નથી.સ્વમાની માણસની ચડતી થાય છે,સત્ય આચરવું જેટલું કઠીન છે તેટલું જ સિધ્ધાંતવાદી માણસ માટે સ્વમાનપૂર્વક જીવવું કઠીન છે.છતાં આ ખાંડાની ધાર પર સ્વમાની સીધો ચાલ્યો જાય છે.આ માર્ગમાં કાંટા,કંકર,ધીખતી રેતીની વચ્ચે ધૈર્યપૂર્વક તે રસ્તો પસાર કરતો જાય છે.તે હિંમત ગુમાવતો નથી.સ્વાર્થ સામે જોતો નથી.આ સ્વમાની શાંતિ ને સેવાની સુવાસ પ્રસરાવે છે.અભિમાની 'હું કરૂં હું કરૂં' હએ જ અજ્ઞાનતા સકટનો ભાર જેમ સ્વાન તાણે'ની જીવનશૈલી જીવે છે.હકીકતમાં તો પ્રભુની ઈચ્છા વિના તો એક પાંદડું પણ હાલી શકતું નથી.

અભિમાન અને અહંકાર એક જ છે.બુદ્ધિના સંપર્કવાળો આત્મા એટલે અહંકાર.અહંકારનો પાયો બુદ્ધિ છે.આ નાનકડા હું નું કારણ બુદ્ધિ છે,તેથી બુદ્ધિ જ અહંકારનું કારણ અથવા બીજ છે.જ્યારે તમે નાના બાળક હો ત્યારે અહંકાર બહુ શક્તિશાળી નથી હોતો.બાળપણમાં તમે નિર્ભય હો છો,જે ક્ષણે આ અહંભાવ તમારામાં મજબૂત થાય છે.તેની સાથે ભય તમારામાં પગ પેસારો કરે છે.જેવી રીતે વાદળ સૂર્યને ઢાંકી દે છે તેમ,આ અહંકારનો પડદો જ્ઞાન—સૂર્ય જ્ઞાનના અનંત સૂર્ય,બહાને ઢાંકી દે છે.

તમે એકાએક અહંકારને નિર્મૂળ કરી શકશો નહી.પત્ની,બાળકો,ધન,ગુસ્સો બધું તમે સરળતાથી ત્યજી શકો છો પરંતુ અહંકારનો ત્યાગ કરવો અતિશય કઠણ છે એને ધીરે ધીરે ઓછો કરી શકાય છે.કર્મયોગ દ્વારા,આત્મબલિદાનથી,ભક્તિ દ્વારા આત્મસમર્પણથી અને વેદાન્તના આત્મ વિચાર દ્વારા આત્મનિષેધ દ્વારા અહંકારને ઓગાળવાની કોશિષ કરી શકાય છે.જ્યારે જ્યારે ભક્તોને અભિમાન આવ્યું છે ત્યારે ત્યારે ભકતની પડતી ન થાય માટે યેન કેન પ્રકારેણ ભકતનું અભિમાન ઉતાર્યું છે.નારદજીને 'નારાયણ' નામસ્મરણનું અભિમાન થયું તો વિષ્ણુભગવાને તેલ ભરેલો કટોરો આપી પૃથ્વીની પ્રદક્ષિણા કરવા મોકલ્યા પણ શરત એટલી કે ટીપું ય તેલ પડવું ન જોઈએ.નારદજી એક પણ ટીપું ઢોળ્યા વગર પ્રદક્ષિણા કરી આવ્યા. ચૂક માત્ર એટલી થઈ કે 'નારાયણ'નામનું વિસ્મરણ થઈ ગયું.ભકતો ભગવાનને શું કહે છે?—

"ભક્તિ તારી કરતાં કરતાં ના આવે કદી અભિમાન રે !

તારી મૂકેલી ટેપો ચાલે,આ તો ખાલી ખોખું રે છે !"

'અહંમ બ્રહ્મ અસ્મિ' એવી ભાવના તમે જ્યારે કરો ત્યારે તે સાત્વિક અહંકાર કહેવાય છે.એને મોક્ષ—અહંકાર પણ કહે છે તે તમને કોઈપણ રીતે બાંધશે નહી.તે તમને બ્રહ્મ સાક્ષાત્કારમાં મદદ કરશે. ચિત્રમાંની આગ કંઈ બાળી શકતી નથી.બપોરે સૂર્યપ્રકાશતો હોય,ત્યારે દીવાનો પ્રકાશ તેનું અજવાળું આપી શકતો નથી.એવી જ રીતે સાત્વિક પુરુષનો અહંકાર કોઈપણ વ્યક્તિને કોઈ પણ નુકશાન કરી શકતો નથી.

**<u>સુવાકયો :</u>**

(૧) તમારાં જીવનના પુસ્તકના પહેલા પ્રકરણનું નામ પ્રમાણિકતા હોવું જોઈએ

(૨) પ્રેમ વિનાનું ઘર ખડકાળ પર્વત જેવું જ છે.

(૩) વૃદ્ધાશ્રમ જીવનનું સરવૈયું કાઢવાનો સમય છે,તમે માત્ર નફા ઉપર જ ધ્યાન આપજો.

(૪) ઘણીવાર ખોટી ઉતાવળને લીધે જ મોડું થાય છે, ઘણીવાર અનુભવે સમજાય છે કે અઘરા કામ સહેલા હોય છે, સહેલા કામ અઘરા હોય છે. (૫) સુખ છીછરૂં હોય છે જ્યારે દુઃખમાં ઊંડાણ હોય છે.

(૬) કેટલાંક માબાપ બાળકોને ઉછેરતાં નથી માત્ર મોટાં જ કરે છે.

(૭) સફળતા ન મળે તો વાંધો નથી પરંતુ નિષ્ફળતા ના વિચારો જ ન કરતા.

(૮) મૂર્ખાઓનો આત્મવિશ્વાસ ડગતો નથી ને બુદ્ધિશાળીઓને કયારેય શંકાઓમાંથી ફુરસદ મળતી નથી.

(૯) તમને જે કાંઈ મળે છે તે તમારી ચાહત મુજબ નહિ પરંતુ તમારી લાયકાત મુજબ મળે છે.

— ડો.રાજેંદ્ર હાથી,વડોદરા.

નોંધ લેશો : (૧) આ એક જ નંબર ઉપર વ્હોટસેપ હોવાથી અસંખ્ય મેસેજ મળતાં, અગત્યના મેસેજ પાછળ જતા ભૂલાય જવાની/રહી જવાની શકયતા રહે છે. તેથી જ્યારે પણ આપ વ્હોટસએપ કે ઇ–મેઈલથી સમાચાર, લગ્ન વિષયક જાહેરાત વગેરે કંઈપણ મોકલો અને બીજા અંકમાં તેનો સમાવેશ થયેલો ન જણાય તોઅંક મળ્યા બાદ ૧૦–૧૫ દિવસ બાદ, મોકલેલ સામગ્રી ફરીથી મોકલી–કોપી પેસ્ટ કરી– વિના સંકોચ યાદી પાઠવશો. (૨) લવાજમ ભર્યા બાદ અંક ન મળ્યાની ફરિયાદ, સરનામામાં ફેરફારના મેસેજનો બીજા અંકમાં અમલ ન થયો જણાય તો પણ ફરીવાર જાણ કરી યાદી પાઠવશો

(૩) સમયાંતરે અમે બરછીના અગાઉના વર્ષોના ગ્રાહકોને બરછીની નકલ મોકલી રહયા છીએ.આ અંક પણ અગાઉના વર્ષના ગ્રાહકોને મોકલ્યા છે...ક્યા વર્ષમાં હતા/છો તે નીચે ↓એડ્રેસ સ્લીપમાં જોઈ શકશો.જો RENEW UP TO..../2022 ન હોય તો ચાલુ વર્ષનું લવાજમ બાકી છે.જો ફરી શરૂ કરવાની ઈચ્છા હોય તો નીચે આપેલ QRકોડ દ્વારા કે ૯૪૨૮૭ ૦૦૧૦૫ ઉપર Paytm દ્વારા લવાજમ મોકલી શકો છે. લવાજમ ભર્યા બાદ અમને નામ–ગ્રાહક નં. સાથે જાણ અચૂક કરશો.અમને જાણ થતાં કોમ્પ્યુટર મેઈલીગ લીસ્ટમાં રીન્યુ કરતાં આપને ગ્રાહક નંબર સાથે પહોંચનો SMS મળી જશે. –તંત્રી.

રાજકોટ ખાતે રૈયા રોડ વિસ્તારમાં જીનેસીસ હોસ્પિટલ સામે, સવન સેફરોન એપાર્ટમેન્ટમાં પહેલા માળે, ત્રણ રૂમ, રસોડા સાથેનો ૧૦૮૫ સ્કવેર ફૂટનો ફર્નિશ્ડ ફલેટ વેચવાનો છે.
સંપર્ક કરો : ૯૮૨૮૩૬૦૦૫૫

શું તમે...?

–મકાનનું રીનોવેશન કરાવવા માંગો છો ?

–વોટરપ્રુફીગ કરાવવું છે? કે...

–મકાન કે ઓફીસમાં કલરકામ કરાવવા ઈચ્છો છો? ....તો–

આકર્ષક અને ટકાઉ કામની અમારી ગેરંટી અને બજારભાવ કરતાં વ્યાજબી ભાવની કાયમી ખાત્રી રાખી બધું જ અમારા ઉપર છોડો...

ફોન કરો : જયેશ વસાવડા

નિર્મળ કલર (અમેરીકન કલર)

મો. ૯૮૯૮૧૭૦૮૧૩/૯૦૬૭૪૯૩૧૧૭



Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA
OR you can pay by using this QR code→

UPI ID: 9428700105@paytm
Paytm: 9428700105

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.

નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં, સિદ્ધપુર. મો.૯૮૨૪૩૧૧૬૦૯

આવતા અંક માટે પાટોત્સવ સમાચાર તેના ફોટા અન્ય સમાચારો,લ.વિ.જાહેરાતો,લેખ–કાવ્ય વગેરે વ્હોટસેપ કે મેઈલથી મોડામાં મોડા ૧૫ તારીખ સુધીમાં મળીજાય તેમ મોકલી શકો છો.–તંત્રી

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઇન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.